पुनना International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VIII

# Gujarati

# Specimen

# Copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 8 | બિરબલની યુક્તિ | 2 |
| 9 | પાદર | 5 |


## 8 બિરબલની યુક્તિ

- **અઘરા શબ્દો**

| | | | |
|---|---|---|---|
| 1) | યુક્તિ | 2) | કોયડો |
| 3) | ચતુરાઈ | 4) | ઝરુખો |
| 5) | વહેમનુ ઓસડ | 6) | શિરામણ |
| 7) | કાળમુખું | 8) | વાળુ |




- **શબ્દાર્થ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | યુક્તિ | = | વિચાર | 2) | કોયડો | = | ઉખાણાં |
| 3) | ચતુરાઈ | = | ચાલાકી | 4) | ઝરુખો | = | છજુ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5) | વહેમનુ ઓસડ | = | વહેમનો ઉપાય | 6) | શિરામણ | = | સવારનો નાસ્તો |
| 7) | કાળમુખું | = | અપશુકનિયાળ મુખ | 8) | વાળુ | = | રાતનુ ભોજન |

## સ્વાધ્યાય

- **સાહિત્ય**

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) બુંદેલખંડનો રાજા પરત કેમ ફર્યો?

જ) બાદશાહ અકબર પોતે જ લશ્કર લઈને આવે છે એ જાણ થતા બુંદેલખંડનો રાજા પરત ગયો.

2) શિરામણ સમયે સેનાપતિએ શા સમાચાર આપ્યા?

જ) શિરામણ સમયે સેનાપતિએ સમાચાર આપ્યા કે બુંદેલખંડનો રાજા લશ્કર લઈને આપણા રાજ્ય ઉપર ચડી આવ્યો છે.

3) બેગમે બાદશાહને શા સમાચાર આપ્યા?

જ) બેગમે બાદશાહને સમાચાર આપ્યા કે મારા ભાઈને સાપ કરડ્યો છે એને ઝડપથી સાપ ઉતારનારાના ઘરે લઈ જવાનો છે.

### પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) બાદશાહને પોતાનો દહાડો બગડશે એમ કેમ લાગ્યુ?

જ) બાદશાહે સવારના પહોરમા ઝરુખમાં જઈને નીચે જોયુ તો એક ઝાડુવાળો ઝાડુથી ચોગાન વાળતો હતો . બાદશાહને જોઈને ઝાડુવાળાએ ઝાડુથી પોતાનુ મોં ઢાકી દીધુ ,પણ બાદશાહને લાગ્યુ કે મે સવારના પહોરમાં ઝાડુંવાળાનુ મોં જોયુ છે તેથી આજ મારો દહાડો બગડશે.

2) રાજાના દર્શન કરતી વખતે ઝાડુવાળાએ શુ કહ્યુ?

જ) રાજાના દર્શન કરતી વખતે ઝાડુવાળાએ કહ્યુ કે કાલે સવારે જ્યારે તમે મારું મો જોયુ ત્યારે મે પણ તમારુ મો જોયુ હતુ. તમારો તો માત્ર દિવસ જ બગડ્યો હતો અને મારે તો તમારૂ મો જોવાથી કેદખાને જવું પડ્યુ અને ફાંસીની સજા ભોગવવી પડી તો આપણા બેમા વધારે અપશુકનિયાળ કોણ?

3) અંતે રાજાએ પોતાનો ખોટો વહેમ શું કહીને દૂર કર્યા?

જ) અંતે રાજાએ બિરબલ આગળ કબૂલાત કરી કે શુક્ન- અપશુક્ન અંગેનો પોતાનો વહેમ ખોટો હતો. રાજાએ ઝાડુવાળાને છોડી દેવાની તેમજ સરપાવ આપી માનભેર ઘેર પહોંચાડવાની આજ્ઞા કરી. આમ, અને રાજાએ પોતાનો ખોટો વહેમ દૂર કર્યા.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-3 નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.

1) વહેલી સવારે બાદશાહે ઝરૂખાની નીચે શુ જોયુ?

જ) અ) નોકર ચોગાનમાં ઊભો હતો.

બ) નોકર ચોગાનમાંથી ઝાડુ લેતો હતો.

ક) <u>નોકર ઝાડુથી ચોગાન વાળતો હતો.</u>

ડ) નોકર ઝાડુ ઊંચુ કરીને રાજા સામે જોતો હતો.

2) રાજ્ય પર કયાં રાજાએ ચડાઈ કરી?

જ) અ) <u>બુંદેલખંડના</u> બ) ઝારખંડના

ક) ઉતરાખંડ ડ) પુષ્પખંડ

3) નોકરને જવાબ શીખવનાર કોણ હતુ?

જ) અ) અકબર બ) <u>બિરબલ</u>

ક) બેગમ ડ) ફાંસીગર

## પ્ર-4 નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | સવારનો નાસ્તો | = | શિરામણ |
| 2) | ઝટપટ ઉકેલી ન શકે તેવો પ્રશ્ન | = | કોયડો |
| 3) | કાળના જેવા મો વાળું | = | કાળમૂખુ |
| 4) | મુસ્લિમ ધર્મ મુજબ ખાટમાં શબ ગોઠવેલું હોય તે | = | મૈયત |
| 5) | શાબાશી બદલ અપાતો પોશાક | = | સરપાવ |

# 9. પાદર

- ડૉ. કિશોરસિંહ સોલંકી




## ➢ અઘરા શબ્દો

| | | | |
|---|---|---|---|
| 1) | ગોંદરુ | 2) | હવાડો |
| 3) | વેળું | 4) | ટાબરિયા |
| 5) | બખોલ | 6) | લડધો |
| 7) | ધાક | 8) | ટેસડો |

## ➢ શબ્દાર્થ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગોંદરુ | = | પાદર | 2) | હવાડો | = | ઢોરને પાણી પીવાનો કુંડ |
| 3) | વેળું | = | રેતી | 4) | ટાબરિયા | = | નાના બાળકો |
| 5) | બખોલ | = | પોલાણ | 6) | લડધો | = | રખડતો છોકરો |
| 7) | ધાક | = | ડર | 8) | ટેસડો | = | મજા |

### સ્વાધ્યાય

## ➢ સાહિત્ય

**પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) ગામના ગોંદરે શું –શું આવેલું છે?

જ) ગામના ગોંદરે બે વિશાળ વડ , એક બાજુ પીપળો તેમજ બીજી બાજુ લીમડા ઉભા છે તેમજ ત્યાં એક કૂવો અને હવાડો આવેલા છે.

2) સાહેબને આવતા જોઈ છોકરાઓ શુ કરતા?

જ) સાહેબને આવતા જોઈ છોકરાઓ વડની વડવાઈઓ કે ખોદેલા ખાડામા લપાઈ જતા.

3) ગોંદરુ ' ગામનુ નાક ' કેમ કહેવાય છે?

જ) ગોદરૂ ગામની શોભા છે , શાખ છે , ગોંદરા પરથી ગામ પરખાય છે,તેથી ગોંદરુ ' ગામનુ નાક ' કહેવાય છે.

4) ગામના પાદરમાં આવેલા પરિવર્તનથી લેખક શી લાગણી અનુભવે છે.

જ) ગામના પાદરમાં આવેલા પરિવર્તનથી પાદરને કાળરૂપી સાપ ડસી ગયો હોય અને એના માથે જાણે કાળાં શીંગડા ઊગી ગયા હોય એવી લાગણી લેખક અનુભવે છે.

## પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ઉનાળાના બપોરે ગોંદરું કઈ રીતે ઉપયોગી બને છે?

જ) ઉનાળાના બપોરે ઝાડના છાયડે છોકરા રમે છે. ઢોર વગડેથી ગોંદરે આવી પોરો ખાય છે.ઉનાળામાં ગોંદરુ એરકંડિશનની ગરજ સારે છે, આમ ગોંદરુ ઉનાળાના બપોરે સૌને ઘણી રીતે ઉપયોગી બને છે.

2) લેખક ગામના પાદરમાં ઉજાવાતાં કયાં – કયાં પ્રસંગોની વાત કરી?

જ) ગામના પાંદરમાં મેળો ભરાય , કોઈનું મરણ થયુ હોય તો મરનારો ત્રીજો વિસામો ગામને પાદરે થાય , મડદાને એના અંગૂઠાને પાદરે જ આગ મૂકાય.આસો સુદ પાંચમે રાત્રે ભવાઈનાં શ્રીગણેશ કરાય.લેખકે પાદરમાં ઉજવાતા સારા – ખરાબ અનેક પ્રસંગોની વાત કરી છે.

3) લેખકે ગામના પાદરમાં રમાતી કઈ-કઈ રમતોની વાત કરી છે?

જ) લેખકે ગામના પાદરમાં રમાતી હુતુતુતુ, આટા-પાટા, આમલી-પીપળી, કુસ્તી, ભૂસકા મારવા વગેરે રમતોની વાત કરી છે.

4) ગામનું પાદર કઈ-કઈ બાબતોનું સાક્ષી છે?

જ) ગામનું પાદર ગામની જાહોજલાલી અને એની ચડતીપડતીનું સાક્ષી છે. પાદરમાં ધીંગાણાં મંડાણાં છે. લાકડીઓ, ધારિયાં અને તલવારો ઉછળ્યાં છે. ઢોલ ધ્રબૂક્યા છે. સરકારી લફરાં થયા છે. પેઢીઓની પેઢીઓ ગોદરેંથી પસાર થઈ છે. પાદરે ઘણી તડકી-છાંયડી જોઈ છે. રેતીના એક-એક કણમાં ઈતિહાસનું એક-એક પાનું લખાયું છે.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-3 નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.

1) ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શુ કહે છે?

જ) અ) ખાડો બ) <u>હવાડો</u>

ક) કુંડ ડ) જળવાડો

2) ગામનો જીવતો જાગતો ચોપડો લેખક કોને કહે છે?

જ) અ) તળાવને બ) <u>ગોંદરાને</u>

ક) પુસ્તકાલયને ડ) વડલાને

3) લેખક ના છુટકે ખેતરમાં શું લઈને જતા હતા?

જ) અ) બળદ બ) ભેંસો

ક) <u>ભાત</u> ડ) સ્લેટ – પેન

## પ્ર-4 નીચેના રૂઢિપ્રયોગ અર્થ લખો.

1) હેલે ચઢવુ = બધા આમથી તેમ જવા

2) મુછ મરડવી = અભિમાન કે શૂરાતન બતાવવું

3) લહાવો લેવો = આનંદ માણવો.

- **<u>પ્રવૃત્તિ</u>**

તમારા ગામના પાદરનું ચિત્ર દોરો.

